# સે.૮ના ભગુભાઈ પટેલ ત્રણસો સ્નેહીજનો સાથે ગંગાકિનારે ભાગવત કથાનું રસપાન કરશે

## ગાંધીનગરમાં શિક્ષિકા રહી ચુકેલા તેમના પત્નિ સ્વ. સીતાબેનની પુણ્ય સ્મૃતિમાં હરિદ્વાર ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કર્યું : ૩૧૦ સ્નેહીજનોને રેલવે માર્ગે આવવા-જવા ઉપરાંત રહેવા-જમવાનો તમામ ખર્ચ પોતે ઉપાડશે : ગાંધીનગરથી ૧૫૦ શ્રદ્ધાળુઓ જોડાશે

ગાંધીનગર, તા. ૭

પવિત્ર પુરૂષોત્તમ માસ જેમ જેમ તેની ચરમસીમા તરફ આગળ વધતો જાય છે તેમ તેમ શ્રદ્ધાળુઓ વધુ ને વધુ ભક્તિમય થઈ વિવિધ ધાર્મિક કાર્યોમાં જોડાઈ રહ્યાં છે. અનેક શ્રદ્ધાળુઓ વિવિધ દાનપુણ્ય અથવા વિધિવિધાનના આયોજન થકી પુણ્ય કમાવાનો અવસર પ્રાપ્ત કરી રહ્યાં છે. ગાંધીનગર જિલ્લાના કડી નિવાસી ભગુભાઈ અંબાલાલ પટેલ પવિત્ર પુરૂષોત્તમ માસમાં તેમના ધર્મપત્નિ સ્વ. સીતાબેનની પુણ્યસ્મૃતિમાં હરિદ્વાર ખાતે ગંગાજીના કિનારે શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનું આયોજન કર્યું છે અને આ કથા સપ્તાહમાં તેઓએ અહીંથી ૩૧૦ સ્નેહીજનોને તેડાવ્યા છે. જેનો આવવા-જવાથી માંડીને રહેવા-જમવા વગેરેનો તમામ ખર્ચ પોતાના શિરે ઉપાડી રહ્યા છે.



કડીના ભગુભાઈ પટેલ દ્વારા તેમના સ્વર્ગવાસી પત્નિ સ્વ. સીતાબેનની પુણ્યસ્મૃતિમાં આયોજિત શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહ હરિદ્વારના વેદનિકેતન આશ્રમ ખાતે તા. ૧૦મી જુલાઈથી તા. ૧૬મી જુલાઈ દરમ્યાન દરરોજ સવારે ૮.૩૦ થી ૧ વાગ્યા સુધી યોજાશે. આ કથા વક્તા અખિલેષ પુરોહિતની વ્યાસપીઠે યોજાશે. કથા સપ્તાહ માટે ભગુભાઈ કુલ ૩૧૦ સ્નેહીજનોને લઈ જનાર છે. જેમાં ગાંધીનગરમાંથી ૧૫૦ વ્યક્તિઓ, કડીથી ૧૦૦ વ્યક્તિઓ અને અમદાવાદથી ૫૦ વ્યક્તિઓ સામેલ થનાર છે. આ તમામ શ્રદ્ધાળુઓને રેલવે માર્ગે હરિદ્વાર લઈ જવાનો ત્યાં રહેવા-જમવા-ફળાહાર અને પરત લાવવાનો તમામ ખર્ચ ભગુભાઈ પટેલના પરિવાર દ્વારા ઉપાડવામાં આવનાર છે. તમામ સ્નેહીજનો સાથે તેઓ હરિદ્વાર જવા તા. ૯મી જુલાઈએ પ્રસ્થાન કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભગુભાઈ પટેલના પત્નિ સ્વ. સીતાબેન પટેલે ગાંધીનગરના સે. ૨૨ની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે સેવાઓ આપી હતી. તેઓ તેમના કાર્યકાળ દરમ્યાન ઝુપડાવાસી ગરીબ શ્રમિકોના બાળકોને ભણાવવા માટે સતત કાર્યરત રહ્યા હતા. ભગુભાઈના પરિવારમાં બે દિકરા ભાવેશ અને ડૉ. અલ્પેશ ઉપરાંત એક દિકરી ડૉ. કામિનીનો સમાવેશ થાય છે. જેમાંથી ભાવેશ પટેલનો પરિવાર કેનેડા ખાતે અને બાકીના તમામના પરિવાર યુએસએ ખાતે સ્થાયી થયેલ છે.

# બોર્ડની પુરક પરીક્ષા આજથી શરૂ રાજયમાં ૧ લાખથી વધુ વિદ્યાર્થી

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, ઉચ્ચત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી, સંસ્કૃત માધ્યમની ૧૧મીએ પરીક્ષા લેવાશે

અમદાવાદ, તા.૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા આવતીકાલથી લેવામાં આવશે.જેમાં ધોરણ-૧૦ અને ૧૨માં કુલ મળી એક લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, ઉચ્ચત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમની પુરક પરીક્ષા ૧૧ જુલાઈનાં રોજ લેવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ માર્ચ-૨૦૧૫માં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. આ પૈકી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એક વિષયમાં ગુણ સુધારણાનો અવકાસ ધરાવતા અને ધોરણ-૧૦માં એક અથવા બે વિષયમાં ગુણ સુધારણા માટે અવકાશ ધરાવતા વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે ને માટે શિક્ષણ બોર્ડ દ્વારા પુરક પરીક્ષા આયોજન કરવામાં આવ્યું છે. આ પુરક પરીક્ષા આવતીકાલથી લેવામાં આવશે.

જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૧ જુલાઈનાં રોજ લેવામાં આવશે. આવતીકાલથી શરૂ થઈ રહેલી ધોરણ-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષામાં રાજયભરમાથી અંદાજે એક લાખથી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આવતીકાલે સવારે ૧૦:૩૦ ૨:૦૦ કલાક દરમિયાન ગણિત વિષયની પુરક પરીક્ષા લેવામાં આવશે. જ્યારે બપોરે ૩:૦૦ થી ૬:૩૦ કલાક દરમિયાન જીવ વિજ્ઞાનની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા ૧૦ જુલાઈ સુધી ચાલશે ત્યાર બાદ ૧૧ જુલાઈનાં રોજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમનાં તમામ વિષયોની પુરક પરીક્ષા લેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પુરક પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે જ આગળના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓને પોતાનું પરીણામ સુધારવાની તક મળી રહેશે.

# હરિની દ્રષ્ટિ...

HARIN BHATT




વત્સ મને ન પૂછો, વ્યાપમ કૌભાંડમાં મરી ગયા એ ક્યાં ગયા અને તરી ગયા તે ક્યાં ગયા ? એ કોઈ નથી જાણતું...!!

# પ્રવાહના પ્રમુખ પદે ડૉ. મયુર જોશીની વરણી

ગાંધીનગર, તા. ૭

પીવાના પાણી અને સ્વચ્છતાના મુદ્દે કાર્ય કરતી સંસ્થા પ્રવાહના પ્રમુખ તરીકે ઉદ્ગમ ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. મયુર જોશીની વરણી કરવામાં આવતા ટ્રસ્ટના સભ્યોએ આવકારી શુભેચ્છાઓ પાઠવી છે.

ગત ૩જી જુલાઈના રોજ પ્રવાહ સંસ્થાની કારોબારી મળી હતી. જેમાં સંસ્થાના વિવિધ કાર્યોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રમુખની વરણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કેપ્રવાહ પીવાના પાણી અને સ્વચ્છતા મુદ્દે કાર્ય કરતા ૧૩૦થી વધુ એન.જી.ઓ.ના વ્યક્તિઓનુંસભ્યપદ ધરાવતુ નેટવર્કછે.

# સેક્ટર-૨૩ આર.જી., એસ.બી. પટેલ શાળામાં રોબોટિક્સ ડેમોસ્ટ્રેશન યોજાયું

ગાંધીનગર, તા. ૭

સેક્ટર-૨૩ આર.જી. પટેલ અનેએસ.વી. પટેલ શાળામાંરોબોટિક્સ ડેમોસ્ટ્રેશન કાર્યક્રમ ખિમજી વિસરામ હોલ ખાતે વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

ગાંધીનગર સ્થિત સેક્ટર-૨૩ કડી કેમ્પસ સ્થિત શ્રીમતી આર.જી. પટેલ અને એસ.બી. પટેલ ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓ માટે રોબોટિક્સ ડેમોસ્ટ્રેશન કાર્યક્રમ યોજાયો હતો. LEGO કંપની દ્વારા વિદ્યાર્થીઓ ટેકનોલોજીથી વધુ વાકેફ થાય તેવા હેતુથી નાથીબા કોલેજના ખિમજી વિસરામ હોલમાં રોબોટિક્સ ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું.

મનુષ્યની જેમજ રોબોટ કેવી રીતે કાર્ય કરે છે તે સોફ્ટવેરની માહિતી આપવામાં આવી હતી તેમજ રોબોટ કેવી રીતે બનાવવામાં આવે છે તેમાં કેવા યંત્રો ફીટ કરવામાં આવે છે તે જણાવાયું હતુ. હવેથી દર શનિવારે શાળાના વિદ્યાર્થીઓની બેચ બનાવી રોબોટ બનાવટ અને કાર્યપદ્ધતિનું ક્રીએટીવીઝોનમાં માહિતી આપવામાં આવશે. કાર્યક્રમમાં શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# માઉન્ટ કાર્મેલ શાળામાં વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળનો શપથવિધિ સમારોહ




ગાંધીનગર, તા. ૭

સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં ૭ જુલાઈ, ૨૦૧૫ના રોજ વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓમાં નેતાગિરિના ગુણનો વિકાસ થાય અને નેતૃત્વ સંભાળતા શીખે તે માટે શાળામાં વિદ્યાર્થી પ્રતિનિધિમંડળ કાર્યરત છે. કાર્યક્રમની શરૂઆત શાળાની પરંપરા મુજબ પ્રાર્થનાથી કરવામાં આવી. જવાબદારી અને નેતૃત્વ વિશે પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું. ત્યારબાદ, પ્રતિનિધિ મંડળની આવશ્યકતા શા માટે... તેના અનુસંધાનમાં નાની સ્કિટ કરવામાં આવી હતી. જેથી વિદ્યાથીઓની નેતૃત્વ શક્તિ વધુ ખીલે. શાળાના વિદ્યાર્થી પ્રતિનિધિ કુશ પટેલે શપથ લેવડાવ્યા હતા.

શાળાના આચાર્ય સિ. રેણુકા અનેઅતિશિ વિશેષના હસ્તે પ્રતિનિધિ મંડળના દરેક સભ્યને બેજ આપવામાં આવ્યા હતા. શાળાનું પ્રતિનિધિ મંડળ શાળાના મુખ્ય વિદ્યાર્થી પ્રતિનિધિ, સહાયક પ્રતિનિધિ, શિસ્તમંત્રી, સ્વચ્છતામંત્રી, સાંસ્કૃતિકમંત્રી, સામાજિક સેવામંત્રી, રમતગમતમંત્રી, સ્કાઉટ એન્ડ ગાઈડમંત્રી, ઈકોક્લબમંત્રી તથા તેમના સહાયક મંત્રીઓનું બનેલું છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યા સિ. રેણુકાના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો દ્વારા સફળ રીતે સંપન્ન થયું.

# અક્ષરધામ ખાતે 'બ્રહ્મવિદ્યાનું નિરૂપણ પ્રસ્થાનત્રયીને આધારે' પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા.૭

'ઈન્ડિયા ઈઝ એ કલ્ચરલ મીલીયોનર' વિખ્યાત તત્વચિંતક રોમા રોલાનું આ વાકય ભારતના આધ્યાત્મિક ખજાના તરફ નિર્દેશ કરે છે. ભૌતિક અનેક શોધો ભારતવર્ષે કરી હોવા છતાં ભારતની સાચી ઓળખ છે આધ્યાત્મિક જીવનમાં વણાયેલ તત્ત્વજ્ઞાન. આ તત્ત્વજ્ઞાન એટલે આત્મા, બ્રહ્મ-પરબ્રહ્મ વગેરે તત્વો કે જે આપણી અંદર જ રહેલ છે તેનું વિજ્ઞાન. આ બ્રહ્મવિદ્યાના મુખ્યગ્રંથો છે ભગવદ ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્ર.

આ ત્રણેય ગ્રંથનો જ પ્રસ્થાનત્રયી કહેવાય છે. આ પ્રસ્થાનત્રયીને સરળ અને સરસ રીતે સમજી જીવનમાં ઉતારવાની તક એટલે આ પ્રવચન.

આર્ષ શોધ સંસ્થાન, અક્ષરધામ દ્વારા દર ત્રણ મહિને યોજાતી પ્રવચનમાળા અંતર્ગત ૭૨મુ પ્રવચન 'બ્રહ્મવિદ્યાનું નિરૂપણ પ્રસ્થાનત્રયીને આધારે' તા. ૧૧-૭-૨૦૧૫ના રોજ શનિવારે સાંજે ૪.૩૦ થી ૭-૦૦ અક્ષરધામ હરિમંદિર ખાતે યોજાશે. આ પ્રવચનના વકતા વિધાન, મહામહોપાધ્યાય, પીએચડી, ડી.લીટ. પ્રસ્થાનત્રયીના ભાષ્યકાર પૂ. ભદ્રેશદાસ સ્વામી છે. તો આ મહામૂલા અને દુર્લભ છતાં સરળ પ્રવચનનો લાભ લેવા ગાંધીનગરની જનતાને હાર્દિક આમંત્રણ છે.

# પીડીપીયુ કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા. ૭

વનશ્રી ટ્રસ્ટ દ્વારા પીડીપીયુ યુનિવર્સિટી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ અને ટ્રસ્ટના સભ્યોએ કેમ્પસના ગ્રાઉન્ડમાં વૃક્ષો રાપ્યા હતા.

વૃક્ષારોપણ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વૃક્ષોની જાળવણી નવા રોપા રોપવાની, મોટા કરવાના શપથ લીધા હતા. દરેક વિદ્યાર્થીએ પોતે એક ઝાડ દત્તક લીધુ હતુ. તેને ત્રણ વર્ષ સુધી ખાતર પાણી આપશે છતાં કોલેજ પુરી થયા પછી પણ તે વૃક્ષને ખાતર પાણી પુરૂ પાડશે તેવી વિદ્યાર્થીઓએ ખાતરી આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં યુનિવર્સિટીના ડીન નીગમ દવે, અંજના નીમાવત ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહાવીર નીમાવત, બ્રિજેશ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ડાકોર ખાતે યોજાયેલ કોંગ્રેસના કાર્યકર સંમેલનમાં જનજાગૃતિનો અવાજ બુલંદ કરવા આહ્વાન

## ગુજરાત કોંગ્રેસના ટોચના તમામ નેતાઓ ઉપસ્થિત રહ્યાં : જન માનસ બદલાયું છે અને કોંગ્રેસને આવકાર મળી રહ્યો છે ના દાવા સાથે આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં તાકાત બનાવી દેવા હાકલ

ગાંધીનગર, તા.૭

ગુજરાતના ગામે ગામના જન જન સુધી કોંગ્રેસની વિચારધારા મજબૂત બનાવવાના હેતુથી તેમજ વર્તમાન ગુજરાત સરકારની નિષ્ફળતાઓ સામે જનજાગૃતિનો અવાજ બુલંદ કરવા કોંગ્રેસ દ્વારા ખેડા જિલ્લાના ડાકોર ખાતે જન સંપર્ક અભિયાન અંતર્ગત વિશાળ કાર્યકર સંમેલનનું આયોજન કર્યું હતું. આ સમેલનમાં અધ્યક્ષપદે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી, ગુજરાતના કોંગ્રેસના પ્રભારી ગુરુદાસ કામત તથા વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા ઉદઘાટક પદે ઉપસ્થિત રહ્યા હતાં.



(તસવીર : કશ્યપ નિમાવત)

આ ઉપરાંત આ કાર્યકર સંમેલનમાં કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખો અર્જુભાઈ મોઢવાડિયા અને સિધ્ધાર્થભાઈ પટેલ, મુખ્ય મહેમાન પદે તેમજ અતિથિ વિશેષ પદે ધારાસભ્યો રામસિંહ પરમાર, નટવરસિંહ ઠાકોર અને ગૌતમભાઈ ચૌહાણ અને મોટી સંખ્યામાં કોંગ્રેસના પદાધિકારીઓ-કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. આ સંમેલનમાં કોંગ્રેસી નેતાઓએ ગુજરાતની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને સરકાર તમામ ક્ષેત્રે સંપૂર્ણ નિષ્ફળ રહી હોવાનો દાવો કરાયો હતો. તેમણે કાર્યકરોનો જુસ્સો વધારતા ગ્રામ્ય વિસ્તારમાં જનમાનસ કોંગ્રેસને આવકારી રહ્યું છે માટે આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ખભેખભા મિલાવી કામે લાગી જવા અને જવલંત વિજય દ્વારા ભાજપને પોતાની તાકાત દેખાડી દેવા આહ્વાન કર્યું હતું.




ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

# સેક્ટર-૨૭ સ્વસ્તિક સોસાયટીના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૭

સેકટર-૨૭ સ્વસ્તિક સોસાયટીના વસાહતીઓના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જિ.પં. પ્રમુખ હિનાબેન પટેલની ઉપસ્થિતિમાં વસાહતીઓના પુત્ર, પુત્રી, પપૌત્રએ માર્ચ-૨૦૧૫માં લેવાયેલ ધોરણ-૧૦, ૧૨ની પરીક્ષામાં ઉચ્ચ ટકાવારી મેળવેલા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોર્પોરેટર જાગૃતિબેન પુરોહિત, બ્રહ્માકુમારીના અંજનાદીદી તેમજ સોસાયટીના કિરીટભાઈ શાહ, ગોરધનભાઈ પટેલ, રાજુભાઈ રાજગોર, ભગુભાઈ પરમાર, કે.પી. પરમાર, રૂપેશભાઈ બારોટ સહિત સોસાયટીના રહિશો વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એમબીએ-એમસીએની ૧૧ કોલેજોને ટૂંકમાં તાળા વાગવાની સંભાવના

અમદાવાદ, તા.૭

એડમિશન કમિટી ફોર પ્રોફેસનલ કોર્સિસ દ્વારા એમબીએ-એમસીએના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જો કે પ્રવેશ પ્રક્રિયા પહેલા રાજયની ૧૧ એમબીએ-એમસીએ કોલેજોએ પુરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ મળતા ન હોવાનું કારણ રજુ કરીને કોલેજ બંધ કરવાની અરજી કરતા તેમને પ્રવેશ પ્રક્રિયામાંથી બાકાત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં એમબીએ-એમસીએ અભ્યાસક્રમની સરકારી જ, ગ્રાન્ટેડ ૨૩ અને સેલ્ફ ફાઈનાન્સ ૨૪૦ એમ કુલ મળીને ૨૬૭ કોલેજો આવેલી છે. આ કોલેજોની અંદાજે ૧૫ હજારથી વધુ બેઠકો ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવા માટેની પ્રક્રિયા એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોસીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

જો કે તાજેતરમાં

**કોલેજ બંધ કરવાની અરજી કરનારને પ્રવેશ પ્રક્રિયામાંથી બાકાત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો : હાલત કફોડી**

અભ્યાસક્રમની વધતી જતી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની સંખ્યા, ઉચી ફી અને અભ્યાસ બાદ પુરતી નોકરીની તકોનો અભાવ જેવી બાબતોને કારણે વિદ્યાર્થીઓમાં એમબીએ એમસીએ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાનું વલણ ઘટી રહ્યું છે. જેનાં કારણે પુરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ મળતા ન હોવાનું કારણ રજૂ કરીને રાજયની ૧૧ એમબીએ-એમસીએ કોલેજો દ્વારા કોલેજ બંધ કરવાની અરજી પ્રવેશ સમિતી સમક્ષ કરવામાં આવી છે. જેનાં પગલે પ્રવેશ સમિતીને આ કોલેજોને પ્રવેશ પ્રક્રિયામાંથી બાકાત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં અમદાવાદનાં ભાડજમાં આવેલ સાલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટની એક એમબીએ અને એક એમસીએ કોલેજ કપડવંજની કે પી પટેલ સ્કુલ ઓફ મેનેજમેન્ટ કોલેજ, રાજકોટની મુરલીધર ગ્રુપ ઓફ ઈન્સ્ટિટયૂટ ભરૂચની ડી વાય પાટીલ ઈન્સ્ટિટયૂટ બારડોલીનું સીતારામભાઈ નારાયજી ઈન્સ્ટિટયૂટ , રોજકોટ મીરાકિબકા કોલેજ ઓફ મેનેજમેન્ટ અને કચ્છના માંડવી ખાતે આવેલ સ્વામી ધનશ્યામ કોલેજનાં સમાવેશ થાય છે. આ ૧૧ કોલેજોમાં મળીને કુલ ૯૦૦ જેટલી બેઠકોને પ્રવેશ પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવી છે.

## આચમની ભરીને

● અનુસંધાન પહેલાનું ચાલુ

નગરજનો તાપ અને બફારાથી બેહાલ બની ગયા છે. છેલ્લા બે ત્રણ દિવસથી આકાશમાં અંગડાઈ લેતા વાદળો વરસવાના બદલે વરસાદી માહોલ બનાવી વિખેરાઈ જતા મેહુલિયાની આશા ઠગારી નિવડે છે. જુન મહિનામાં વરસાદના પ્રથમ રાઉન્ડમાં ચાર ઈંચ પાણી વરસાવી નગરને ટાઢુગાર બનાવી મેઘરાજા સંતાઈ જતા વાવણી બાદ ખેડુતો પણ હવે વરસાદની વાટે છે. વરસાદની ગેરહાજરીના લીધે દિવસનો તાપ આકરો બન્યો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણા વધતા શહેરીજનો બફારાથી ત્રાહીમામ પોકારી ગયા છે. આજે બપોર બાદ વાતાવરણમાં અચાનક નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં કાળાડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. વરસાદી વાયરા વચ્ચે મેઘરાજા મન મુકીને વરસશે તેવી આશ જન્મી હતી. પરંતુ નભમાં નિખરેલા જળ ભરેલા વરસાદી વાદળો માત્ર આચમની ભરીને છાંટણાં વરસાવી વિદાય લઈ લેતા મેહુલિયાની આશ લગાવી બેઠેલા નગરજનો નિરાશ થયા હતા. જયારે વાવણી બાદ વરસાદની વાટે નભ તરફ મીટ માંડી રહેલા ખેડુતો પણ રીસાતા મેઘરાજાથી ચિંતિત જોવા મળ્યા હતા. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫ ડી ગ્રી રહયુ હતુ.જયારે લઘુત્તમ તાપમાન ૨૯ ડીગ્રી નોંધાયુ હતુંજયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ૭૨ થી ૮૨ ટકા રહેવા પામ્યુ હતું. વરસાદ વિલંબમાં પડતા આકરા તાપનો માર ખાઈને મુરજાયેલી પ્રકૃતિ પણ હવે મેહુલિયાને ઝંખી રહી છે.

## મહત્વકાંક્ષી નિર્ણય

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યક્તિ જયારે જયારે કોઈ પણ વર્ષમાં લાભ લે ત્યારે નવેસરથી વાર્ષિક આવકનો દાખલો કરવાનો રહે છે. મુખ્યમંત્રીએ વાર્ષિક આવકનું પ્રમાણપત્ર ત્રણ વર્ષ સુધી ચલાવવામાં આવે તો કરોડો લાભાર્થી અરજદારોને આવકના દાખલા માટે એક જ પ્રકારની વહિવટી પ્રક્રિયામાંથી પસાર થવું ન પડે તેમજ પ્રમાણપત્ર આપનારા સક્ષમ અધિકારીનો કાર્યબોજ પણ મહદઅંશે નિવારી શકાય તેવા ઉદાર હેતુ સાથે રાજય સરકારની તમામ યોજનાઓ માટે વાર્ષિક આવકનું પ્રમાણપત્ર સમાનતાના ધોરણે ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો આ નવતર અપનાવ્યો છે.

## સંગીત નિર્દેશનમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દર્શકોને આ ગુજરાતી ફિલ્મમાં જોવા મળશે. ફ્રેશ સ્ટોરી અને નવા લોકેશન સાથેની આ ફિલ્મ વિવિધિ કેરેકટર્સથી પણ ભરપુર રહેશે. જે દર્શકોને ફિલ્મની અંદર જોવાતા તમામ પાસાઓનો પરીચય પણ કરાવશે.

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રથમવાર નવારૂપ રંગ સાથેની આ ફિલ્મમાં ગુજરાતી દર્શકોએ કયારેય ગુજરાતી ફિલ્મમાં નહીં સાંભળ્યું હોય તેવું અનોખું મ્યુઝિક કેદાર ઉપાધ્યાયે આપ્યું છે.

## અભ્યાસમાં અટવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રોજેકટનુ કામ પૂર્ણ કરી દેવાયુ છે. સ્વર્ણિમ પાર્ક ગ માર્ગ થી ઘ તેમજ ચ માર્ગ સાથે જોડાયેલો છે.

ત્યારે આ માર્ગ પર ભવિષ્યમાં ટ્રાફિકના લીધે પાર્ક ડીસ્ટર્બ ન થાય તેને ધ્યાને લઈ શહેરના મુખ્ય માર્ગો પરના ટ્રાફિકને અન્ડર પાસથી ડાયવર્ડ કરવા માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ સહિતના રસ્તાઓ પર તબક્કાવાર અન્ડરપાસ બનાવવાની યોજના વિચારવામાં આવી હતી. જેને અનુલક્ષી પ્રાથમિક તબક્કે યોગ્ય અભ્યાસ પણ હાથ ધરવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા ૫ વર્ષના અંતે પણ અન્ડરપાસનો પ્રોજકટ ડેડ હાલતમાં હોવાનું ચિત્ર ઉપસી આવ્યુ છે. બજેટ દરમિયાન અન્ડરપાસ માટે જોગવાઈ પણ કરવામાં આવી છે. પરંતુ આ મામલે કોઈપણ પ્રકારની ગતિવિધિ આગળ વધી શકી નથી.